અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ તથા અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ હેઠળ જિલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/HSL/e-file/17/2023/2332/H
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૫/૨૦૨૬

**વંચાણમાં લીધા:**

(૧) આ વિભાગનો તા.૨૫/૦૪/૧૯૯૦ નો ઠરાવ ક્રમાંક:-હસલ/૧૩૮૯/૫૦૧/હ.સેલ.

(૨) આ વિભાગનો તા.૦૭/૦૧/૧૯૯૨ નો ઠરાવ ક્રમાંક:-હસલ/૧૩૮૯/૫૦૧/હ.સેલ.(૨૪).

(૩) આ વિભાગનો તા.૧૬/૧૨/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:-હસલ/૧૦૯૭/૧૯૧૦/હ.

(૪) આ વિભાગનો તા.૦૧/૧૦/૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક:-હસલ/૧૦૯૭/૧૯૧૦/હ.

(૫) આ વિભાગનો તા.૦૧/૦૧/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક:-હસલ/૧૦૯૭/૧૯૧૦/હ.

(૬) આ વિભાગનો તા.૧૦/૦૯/૨૦૦3 નો ઠરાવ ક્રમાંક:-હસલ/૧૦૯૭/૧૯૧૦/હ.

(૭) આ વિભાગનો તા.૨૬/૧૨/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક:-હસલ/૧૨૨૦૧૬/૭૪૧૮૮૨/હ.

(૮) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૧/૦૭/૨૦૨૩નો પત્ર ક્રમાંક:અજાક/છ-૭/૨૦૨૩/૪૪૭.

(૯) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા. ૨૫/૧૦/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:- અજાક/છ-૭/૨૦૨૩/૮૯૬

(૧૦) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા. ૦૬/૦૧/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:- અજાક/છ-૭/૨૦૨૩/૨૬

(૧૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા. ૨૩/૦૯/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:- અજાક/છ-૪/૨૦૨૪/૬૫૧

**પ્રસ્તાવના:**

અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની કલમ-૨૧ ની પેટા કલમ (૨) ના ખંડ (૫) અન્વયે આ અધિનિયમના અસરકારક અમલ માટે રાજ્ય સરકારે વિવિધ કક્ષાની સમિતિઓની રચના કરવાની જોગવાઈ છે. આ જોગવાઈ હેઠળ આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૧) પરના ઠરાવથી જિલ્લા તકેદારી સમિતિ, તાલુકા તકેદારી સમિતિ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર માટે શહેરી તકેદારી સમિતિઓનું બંધારણ નિયત કરવામાં આવેલ છે. આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૨) થી ક્રમાંક:(૭) પરના ઠરાવોથી જિલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના બાબતે વખતો વખત સુધારા કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૮) પરના પત્રથી આમુખમાં દર્શાવેલ જિલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચનાને લગતા વિવિધ ઠરાવોને સાંકળીને તેમજ પ્રવર્તમાન સમય અનુસાર જરૂરી ફેરફાર કરીને એક સંકલિત ઠરાવ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની કલમ-૨૧ ની પેટા કલમ (૨) ના ખંડ (૫)ની જોગવાઇ ધ્યાને લઇ આ અધિનિયમના અસરકારક અમલ માટે વંચાણે લીધા ક્રમાંક: (૧) થી (૭) ના ઠરાવોને સાંકળીને એક સંકલિત ઠરાવ કરી જિલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના અને તેનું કાર્યક્ષેત્ર નીચેની વિગતોએ આથી ઠરાવવામાં આવે છે.

૩. **સમિતિનું માળખું:**

| ક્રમ | સભ્યશ્રીની વિગત | જિલ્લા તકેદારી સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | જિલ્લા કલેકટરશ્રી | અધ્યક્ષ |
| ૨ | નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, સબંધિત જિલ્લો | સભ્ય સચિવ |
| ૩ | સંબંધિત જિલ્લાના માન. સંસદસભ્યશ્રીઓ | સભ્ય |
| ૪ | સંબંધિત જિલ્લાના માન. ધારાસભ્યશ્રીઓ | સભ્ય |
| ૫ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | આમંત્રિત સભ્ય |
| ૬ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્ય |
| ૭ | નિવાસી અધિક કલેકટરશ્રી અને અત્યાચાર નિવારણ ધારાના ખાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૮ | પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત | આમંત્રિત સભ્ય |
| ૯ | અનુસૂચિત જાતિના રાજ્ય સરકારના વર્ગ-૧ના સબંધિત જિલ્લાના ત્રણ અધિકારીશ્રીઓ(જો વર્ગ-૧ના અધિકારી ન હોય તો વર્ગ-૨ના અધિકારીનો સમાવેશ કરવો) | સભ્ય |
| ૧૦ | સંબંધિત ઝોનના સંયુકત નિયામક (વિજીલન્સ), (અમદાવાદ/વડોદરા/રાજકોટ) | આમંત્રિત સભ્ય |
| ૧૧ | નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (SC/ST CELL) | સભ્ય |
| ૧૨ | જિલ્લા સિવિલ સર્જનશ્રી | સભ્ય |
| ૧૩ | જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્ય |
| ૧૪ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | સભ્ય |
| ૧૫ | જિલ્લા સરકારી વકીલ અને પબ્લીક પ્રોસીક્યુટરશ્રી | સભ્ય |
| ૧૬ | અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની કલમ-૧૫ અન્વયે નિમાયેલ ખાસ પબ્લીક પ્રોસીક્યુટરશ્રી | સભ્ય |
| ૧૭ | અધ્યક્ષશ્રી, જિલ્લા સામાજિક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત | આમંત્રિત સભ્ય |
| ૧૮ | જિલ્લામાં વસતા અનુસૂચિત જાતિના વકીલાતનો વ્યવસાય કરનાર એક વકીલ | સભ્ય |
| ૧૯ | જિલ્લાના અનુસૂચિત જાતિના એક મહિલા સામાજિક કાર્યકર | સભ્ય |
| ૨૦ | અનુસૂચિત જાતિના પાંચ બિનસરકારી સભ્યશ્રીઓ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૨૧ | બિનસરકારી સંગઠનો સાથે જોડાણ ધરાવતા અનુસૂચિત જાતિ/જનજાતિ સિવાયના વધુમાં વધુ ત્રણ સભ્યશ્રીઓ | સભ્ય |
| ૨૨ | જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન | સભ્ય |
| ૨૩ | મદદનીશ મેનેજરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | સભ્ય |

૪. **સમિતિનું કાર્યક્ષેત્ર:**

(૧) આ ઠરાવથી નિયત કરેલા બંધારણ મુજબની જિલ્લા કક્ષાની નવી સમિતિઓની રચના કરવામાં આવે તે તારીખથી અગાઉ રચાયેલી જે તે જિલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિ રદ થયેલી ગણાશે.

(૨) નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ નો અસરકારક અમલ થાય તે રીતે દેખરેખ અને નિરીક્ષણ રાખવું.

(૩) અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ નો અસરકારક અમલ થાય તે રીતે દેખરેખ અને નિરીક્ષણ રાખવું.

(૪) ઉપર્યુકત બંને અધિનિયમ હેઠળ નોંધાયેલ કેસોની સમીક્ષા કરીને આવા કેસોની ટ્રાયલો ઝડપી બને તથા ગુનેગારોને પૂરતી સજા મળે તે માટે પ્રત્યેક કેસોની સમીક્ષા કરવી.

(૫) ઉપર્યુકત બંને અધિનિયમ હેઠળ કેન્દ્ર તથા રાજય સરકારે કરેલ યોજનાઓનો વ્યાપક અને સુદઢ અમલ થાય તે માટે પગલાં લેવા.

(૬) ન્યાયની અદાલતોમાં દાખલ કરેલા કેસોના પરિણામોનું તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ તથા અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ના અમલની આડે આવતી મુશ્કેલીઓનું ઊંડાણથી પુનઃઅવલોકન કરવું.

(૭) જિલ્લા સામાજિક ન્યાય સમિતિઓએ આ બંને કાયદાના અસરકારક અમલ માટે કરેલ ભલામણોને ધ્યાનમાં લઇ યોગ્ય કાર્યવાહી કરવી.

(૮) આ સમિતિએ અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ ના નિયમ-૧૭ માં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

(૯) આ સમિતિએ દર ૩ (ત્રણ) માસે યોજેલ જિલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીને તથા આ વિભાગને મોકલી આપવાની રહેશે. આ બાબતની સમિતિના સભ્ય સચિવશ્રીએ તકેદારી રાખવાની રહેશે.

૫. ઉપરોકત જિલ્લા તકેદારી અને મોનીંટરીગ સમિતિના નિયત માળખામાં અનુસૂચિત જાતિના વધુમાં વધુ પાંચ બિનસરકારી સભ્યશ્રીઓ, બિનસરકારી સંગઠનો સાથે જોડાણ ધરાવતા અનુસૂચિત જાતિ/જનજાતિ સિવાયના વધુમાં વધુ ત્રણ સભ્યશ્રીઓ, જિલ્લામાં વસતા અનુસૂચિત જાતિના વકીલાતનો વ્યવસાય કરનાર એક વકીલ તથા અનુસૂચિત જાતિના એક મહિલા સામાજિક કાર્યકરની નિમણૂક કલેકટરશ્રીએ જે તે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીના પરામર્શમાં રહીને કરવાની રહેશે.

૬. સમિતિઓના બિનસરકારી સભ્યોને પ્રવાસ ભથ્થું અને દૈનિક ભથ્થું, રાજય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ચુકવવાનું રહેશે.

૭. જિલ્લા તકેદારી અને મોનીંટરીગ સમિતિઓની બેઠક દર ત્રણ માસે નિયમિત બોલાવવાની રહેશે.

૮. આ સમિતિઓમાં બિનસરકારી સભ્યોની મુદત બે વર્ષ અથવા સમિતિઓની પુન:રચના કરવામાં આવે તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શિલ્પા એમ.દેસાઇ)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ સવિનય રવાના:-**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના તમામ સભ્યશ્રીઓ (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત).
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવાની વિનંતી સહ..
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૬.